# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) સંસદના બન્ને ગૃહમાં જાહેર પરીક્ષાઓ ગેરરીતિ નિવારણ સુધારા અને રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ સુધારા વિધેયક પસાર કર્યું.

2) બિહાર સરકારે દરભંગાના રયમ અને મધુબનીના સાકરી ખાતે બંધ પડેલી ખાંડ મિલો ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 2જી ઓગસ્ટથી નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન શરૂ કરાવશે.

4) અમેરિકાએ, ઇરાનની સંસ્થાઓ પર નવા પ્રતિબંધો લાદયા.

5) ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતએ 15 મેડલ જીત્યા.

6) ઓડિશામાં ભારતીય હવામાન વિભાગે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SANSAD

વિપક્ષના હંગામા વચ્ચે ગઇકાલે લોકસભામાં જાહેર પરીક્ષા ગેરનીતિ નિવારણ સુધારો, જયારે રાજય સભામાં રાષ્ટ્રીય સન્માન નિવારણ જેવા મહત્વપૂર્ણ બિલ પસાર કરાયા છે.

સાંભળીએ એક અહેવાલ.......

**VC- ANUPAM**

# PIYUSH GOYEL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે નવી દિલ્હીમાં નિકાસ પ્રમોશન કાઉન્સિલ અને ઉદ્યોગ સંગઠનો સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં મુક્ત વેપાર કરારોનો લાભ લેવા, ગુણવત્તા-આધારિત નિકાસ દ્વારા બ્રાન્ડ ઇન્ડિયા પહેલને પ્રોત્સાહન આપવા, લોજિસ્ટિક્સ અને વેપાર સુવિધામાં સુધારો કરવા, બજાર એક્સેસ વિસ્તારવા અને MSME અને નવા નિકાસકારો માટે નવી તકો ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, નવીન ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ, MSMEs અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉત્પાદન ક્ષમતા ભારતના આર્થિક વિકાસને આગળ ધપાવશે. આ વિકાસ 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં મદદ કરશે.

નવી દિલ્હીમાં 22મા J.R.D. ટાટા મેમોરિયલ લેક્ચરને સંબોધતા, શ્રી ગોયલે કહ્યું કે દેશે શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવો જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે, મેડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો ગુણવત્તા, નવીનતા અને સ્પર્ધાત્મકતા દ્વારા વૈશ્વિક સ્તરે નામ કરી શકે.

એક લાખ કરોડ રૂપિયાના સંશોધન, વિકાસ અને નવીનતા ભંડોળ, ઇન્ડિયા એ. આઈ મિશન અને સેમિકન્ડક્ટર મિશન જેવી પહેલ દેશના નવીન ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે અને ઉભરતી તકનીકોના વિકાસને વેગ આપશે.

## BIHAR

બિહાર સરકારે દરભંગાના રયમ અને મધુબનીના સાકરી ખાતે બંધ પડેલી ખાંડ મિલો ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

ગઈકાલે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ અંગેના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. મીડિયાને માહિતી આપતાં અધિક મુખ્ય સચિવ અરવિંદ કુમાર ચૌધરીએ જણાવ્યું હતું કે, મંત્રીમંડળે બિહાર રમતગમત નીતિ, 2026ને પણ મંજૂરી આપી છે.

બેઠકમાં નાણાકીય વર્ષ 2026-27 માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ 97 કરોડ રૂપિયાથી વધુની યોજનાઓના અમલીકરણને પણ મંજૂરી આપવામાં આવી છે.

# BYELECTION

બિહાર, ગુજરાત અને મધ્યપ્રદેશમાં ત્રણ વિધાનસભા મતવિસ્તારોમાં પેટાચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. બિહારના બાંકીપુર, ગુજરાતના માંજલપુર અને મધ્યપ્રદેશના દતિયામાં મતદાન થઈ રહ્યું છે. આજે સવારે 7 વાગ્યે મતદાન શરૂ થયેલું મતદાન સાંજે 6 વાગ્યા સુધી ચાલશે

ભાજપ પ્રમુખ નીતિન નવીન રાજ્યસભામાં ચૂંટાયા અને બેઠક પરથી રાજીનામું આપ્યા બાદ બિહારના બાંકીપુરમાં પેટાચૂંટણી યોજાઈ રહી છે.

મધ્યપ્રદેશની દાતિયા બેઠક રાજેન્દ્ર ભારતીને ગેરલાયક ઠેરવવામાં આવતા ખાલી પડી હતી. ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ ગુજરાતની માંજલપુર બેઠક ખાલી પડી હતી.

ચૂંટણી પંચે મતદાનનું 100% વેબકાસ્ટિંગ લાગુ કર્યું છે. આ ઉપરાંત, આચારસંહિતાના ઉલ્લંઘન અંગેની ફરિયાદો માટે મતદાન મથકોની બહાર મોબાઇલ ડિપોઝિટ કાઉન્ટર અને ઓનલાઈન સી-વિજિલ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે.

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે બીજી ઓગસ્ટે નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાનનો આરંભ કરાવશે. માદક દ્રવ્યોના દુરૂપયોગ સામે આંરભ થનારુ આ અભિયાન દેશમાં સો અઠવાડિયા સુધી યોજાશે.

MY ભારત પ્લેટફોર્મ દ્વારા આ અભિયાનમાં જોડાવા યુવાનોને આહ્વાન કરાયું છે.

**સામુદાયિક જોડાણ અને સતત જાહેર ભાગીદારીને પ્રોત્સાહન આપીને ડ્રગ મુક્ત ભારતના નિર્માણ માટે એક સામૂહિક રાષ્ટ્રીય મિશનમાં યુવા નાગરિકોને સાંકળવાની આ પહેલ છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# BANGALADESH INDIA

**ભારતના હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ બાંગ્લાદેશના વિદેશ મંત્રી ડૉ. ખલીલુર રહેમાન સાથે ગઇકાલે મુલાકાત કરી હતી.**

**ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે, શ્રી ત્રિવેદીએ બાંગ્લાદેશના વિદેશ રાજ્યમંત્રી શમા ઓબેદ ઇસ્લામ સાથે પણ મુલાકાત કરી હતી, જેમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા પર ચર્ચા કરવામાં આવી હતી.**

ભારતે સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટ માટે ખાસ મહેમાન તરીકે આ સમિટમાં ભાગ લેવા બાંગ્લાદેશના પ્રધાનમંત્રી તારિક રહેમાનને આમંત્રણ આપ્યું હતું.

બ્રિક્સ દેશોમાં બ્રાઝિલ, ચીન, ઇજિપ્ત, ઇથોપિયા, ભારત, ઇન્ડોનેશિયા, ઈરાન, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે.

## US-IRAN SANCTIONS

અમેરિકાએ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ સાથે જોડાયેલી અનેક સંસ્થાઓ પર નવા પ્રતિબંધો લાદ્યા છે.

અમેરિકી ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, આ પ્રતિબંધો હેઠળ આઠ ઓઇલ ટેન્કર અને 10 કંપનીઓ પર કાર્યવાહી કરવામાં આવી છે. અમેરિકાનો આરોપ છે કે ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ સૈન્ય, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા વાણિજ્યિક જહાજો પર દબાણ કરી રહી છે અને તેમને ફરજિયાત દરિયાઈ વીમો લેવા માટે દબાણ કરી રહી છે.

અમેરિકાએ કેટલીક શિપિંગ કંપનીઓ પર ઈરાની ક્રૂડ ઓઇલ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનો, ચીન અને સંયુક્ત આરબ અમીરાતમાં પરિવહન કરવાનો આરોપ મૂક્યો છે.

અમેરિકાના જણાવ્યા અનુસાર, 2026ની શરૂઆતથી ઈરાનના શેડો ફ્લીટ સાથે સંકળાયેલા 100 થી વધુ જહાજોને પ્રતિબંધોની સૂચિમાં ઉમેરવામાં આવ્યા છે

# JAPAN EARTHQUAKE

દક્ષિણપશ્ચિમ જાપાનમાં 7.1ની તીવ્રતાના વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 18 થઈ ગયો હતો. 62 લોકો ઘાયલ થયા હતા, જ્યારે ઘણા લોકો ગુમ થયા હતા.

સાંભળીએ એક અહેવાલ..

## VC – VAISHNAVI

આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે અધિકારીઓ કામ કરી રહ્યા હતા ત્યારે 8 હજાર 800થી વધુ લોકો 400થી વધુ સ્થળાંતર આશ્રયસ્થાનોમાં આશરો લઇ રહ્યાં છે.

# GLASGOW

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે પેરા એથ્લેટિક્સમાં ઇતિહાસ રચ્યો, પુરુષોની 100-મીટર T47 ફાઇનલમાં ઐતિહાસિક વન-ટુ ફિનિશ મેળવ્યો, જેમાં દિલીપ મહાદુ ગાવિતે સુવર્ણ ચંદ્રક અને મોહમ્મદ બેસિલ મોર્સિંગનકથે રજત ચંદ્રક જીત્યો.

ગાવિતે ગેમ્સ રેકોર્ડ અને સીઝન-બેસ્ટ સમય 10.71 સેકન્ડ સાથે ટોચનું સ્થાન મેળવ્યું, જ્યારે બેસિલે 10.83 સેકન્ડનો સીઝન-બેસ્ટ સમય બનાવીને રેસમાં બીજા સ્થાને રહ્યો.

લોંગ જમ્પર મુરલી શ્રીશંકરે અગાઉ પુરુષોના લોંગ જમ્પમાં રજત ચંદ્રક જીતવાની સાથે શ્રીશંકર કોમનવેલ્થ ગેમ્સમાં બે ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય પુરુષ લોંગ જમ્પર બન્યો.

આ મેડલથી ભારત સ્ટેન્ડિંગમાં આઠમા સ્થાને પહોંચી ગયું છે, ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતએ ત્રીજા દિવસને અંતે 3 સુવર્ણ, 9 રજત અને 3 કાંસ્ય ચંદ્રકો સાથે કુલ 15 મેડલ મળવ્યા.

# ODISA

ઓડિશામાં ભારતીય હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં નદીઓના પૂરના કારણે ઓડિશા હાઈ એલર્ટ પર છે. આ આગાહી સાથે વહીવટીતંત્રે રાહત અને તૈયારીના પગલાં વધુ ત્વરિત બનાવ્યા છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં પેપર લીક વિરોધી બિલ પર સસંદમાં ચર્ચા અંગેના સમાંચારોને મુખ્ય માથાળામાં સમાવેશ કરાયો છે
- સંદેશ લખે છે .. પેપર લીક કાયદો લોકસભામાં ધ્વનિ મતથી પસાર..
- દિવ્ય ભાસ્કરની હેડ લાઇન છે.. વિધ્યાર્થીઓ પર પેલેટ ગન કોણે ચલાવી: રાહુલ.. આરોપો ખોટા, કોઈ ગોળી નથી ચાલી : ભાજપ
- વિધ્યાર્થીઓ પર ગોળીબારનો આદેશ આપનાર અમિત શાહને હટાવો.. આ હેડ લાઇન છે ગુજરાત સમાચાર ની
- આ ઉપરાંત રશિયા મુદ્દે us સેનેટમાં પ્રસ્તાવને લીલી ઝંડી , ભારત સહિત 5 દેશો પર 100 ટકા ટેરિફનું જોખમ , અમેરિકાએ એચ – 1 વિઝાના નિયમોના પાલન માટે સખ્તાઈ વધારી જેવા સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- સ્થાનિક સમાચારમાં માંજલપુરની પેટા ચૂંટણી, અમદાવાદના વેપારીઓ સામે જાહેર કરાયેલી સહાય અંગે ગણગણાટ જેવા સમાચાર વાંચવા મળી રહ્યાં છે.